ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

જિલ્લાની પ્રા. શાળાઓ પાણી વીજળી અને શૌચાલયની સુવિધાઓથી સજ્જ છે : શિક્ષણમંત્રીશ્રી ચુડાસમા

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લામાં પ્રા. શાળાઓ ખાતે કુમાર અને કન્યાઓ માટે શૌચાલયોની સુવિધા અંગે ભાજપના શ્રી શંભુજી ઠાકોરે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લાની તમામ શાળાઓ ૬૨૭માં આ સુવિધા ઉપલબ્ધ છે.

તેમણે જણાવ્યું હતું કે જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન કન્યાઓ માટે ૨૦૮ અને કુમાર માટે ૯૭ શૌચાલયો બનાવવામાં આવ્યા છે. મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું કે હવે કોઈ શાળામાં શૌચાલયો બનાવવાના બાકી રહેતા નથી.

વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

● **ધો-૮ શરૂ કરવા અંગે**

ભાજપના જ શ્રી અશોક પટેલે ગાંધીનગર જિલ્લામાં ૩૧-૩-૧૪ની સ્થિતિએ કેટલી પ્રા. શાળામાં ધો-૮ના વર્ગો શરુ કરવામાં આવ્યા તેવા પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૨૦૪ પ્રા. શાળામાં ધો-૮ના વર્ગો શરુ કરવામાં આવ્યા છે.

આ વર્ગ શરૂ કરાતાં કેટલા વિદ્યા સહાયકોની ભરતી કરાઈ તેવા પુછેલા પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૨૦૧૨-૧૩માં એક પણ નહિ પરંતુ ૨૦૧૩-૧૪માં ૩૭૦ વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવી છે.

સભ્યશ્રીના અન્ય પૂરક પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગણિત-વિજ્ઞાનના ૨૪૬, ભાષાના ૪૩ અને સામાજિક વિજ્ઞાનના ૮૧ વિદ્યાસહાયકો મળી ૩૭૦ની નિમણુંક કરવામાં આવી છે.

● **પેયજળની સુવિધા**

ભાજપના જ શ્રી અશોક પટેલે જિલ્લામાં પીવાના પાણીની સુવિધાથી વંચિત પ્રા. શાળાઓ અંગે પુછેલા એક અન્ય પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લાની તમામ પ્રા. શાળામાં પેયજળની સુવિધા ઉપલબ્ધ છે.

આ જ સભ્યશ્રીએ બે શાળાઓમાં વીજળીની સુવિધા અંગે પુછેલા અન્ય લેખિત પ્રશ્નના ઉત્તરમાં પણ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે તમામ શાળાઓમાં વીજ કનેકશનની સુવિધા છે.

● **ગાંધીનગર જિલ્લામાં ચેકડેમ**

કોંગીના શ્રી અમીત ચૌધરીએ ગાંધીનગર જિલ્લામાં ૩૧-૫-૧૪ની સ્થિતિએ વન વિભાગે બનાવેલ ચેકડેમ અને વન તલાવડી અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં વનમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં કુલ ૬ ચેકડેમ વન વિભાગ દ્વારા બનાવવામાં આવ્યા છે. આ છ ચેકડેમોમાં પાંચ ચેકડેમ માણસા તાલુકામાં અને ૧ ચેકડેમ દહેગામ તાલુકામાં બનાવવામાં આવેલ છે. આ માટે કુલ ૨૨.૦૩ લાખનો ખર્ચ થયો છે. આ ચેકડેમ ખાતાકીય કામગીરીથી કરાવાયા હોવાથી તેના ટેન્ડરો બહાર પડાયા ન હોવાનું પણ મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

૯૩ ગામોમાં આજે પણ સસ્તા અનાજની દુકાન નથી : પુરવઠા મંત્રી

● **૯૩ ગામમાં વ્યાજબી ભાવની દુકાન નથી**

કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે જિલ્લામાં સસ્તા અનાજની દુકાન સિવાયના ગામો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાગરિક પુરવઠામંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લાના ૯૩ ગામમાં સસ્તા અનાજની દુકાનો નથી.

તેમણે સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે ૫ ગામોમાં સસ્તા અનાજની દુકાનો કાર્યરત નથી.

તેમણે એમ પણ જણાવ્યું છે કે ખોલવા પાત્ર ૩૫ નવીન દુકાનો માટે જાહેરનામુ ૧૮-૩-૧૩ના રોજ બહાર પાડવામાં આવેલ જે અન્વયે જુન ૨૦૧૪માં નિયમોનુસાર પાંચ દુકાનો મંજૂર કરવામાં આવી છે. બાકી રહેલા ૩૦ ગામોમાં દુકાન માટે પાત્રતા ધરાવતી સંસ્થા કે ઉમેદવાર ઉપલબ્ધ ન હોવાથી હવે નવેસરથી જાહેરનામુ પ્રસિદ્ધ કરવા માટેની કાર્યવાહી હાથ પર છે. આ કાર્યવાહી થયા બાદ નવી દુકાનો ખોલવામાં આવશે તેમ પણ મંત્રીશ્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું.

બે વર્ષમાં ૩૬ લાખથી વધુ રોપાઓનું વિતરણ કરાયું : વનમંત્રી

● **૩૬ લાખ રોપાનું વિતરણ**

કોંગીના જ શ્રી બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં નર્સરી દ્વારા રોપા ઉછેર અને વિતરણની કામગીરી અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે છેલ્લા બે વર્ષમાં જિલ્લાની વિવિધ

● અનુસંધાન પાન-૭ પર

સે-૨૧માં આરવર્લ્ડ બિગ સિનેમાનો પ્રારંભ

પ્રેક્ષકો દ્વારા જ ઉદ્‌ઘાટન કરાયું : રાજશ્રી સિનેમા બંધ થયા બાદ સાડા ત્રણ વર્ષના અંતે અદ્યતન મલ્ટીપ્લેકસનો પ્રારંભ : ૬ સ્ક્રીન સાથે ૬૮૬ પ્રેક્ષકો આરામદાયક રીતે ફિલ્મ નિહાળી શકશે

ગાંધીનગર, તા.૨૫

શહેરના હાર્દસમા વિસ્તાર સે-૨૧માં આજે આર વર્લ્ડ બીગ સિનેમા મલ્ટીપ્લેકસનો પ્રારંભ થઈ ચુકયો છે. રાજશ્રી સિનેમાના સ્થાને શરૂ થયેલા આ અદ્યતન મલ્ટીપ્લેકસમાં વિવિધ ૬સ્ક્રીનની સુવિધા છે. કુલ ૬૮૬ શ્રોતાઓ ફિલ્મ નિહાળી શકે તેવી બેઠક વ્યવસ્થા છે. મલ્ટી પ્લેકસમાં અત્યંત આરામદાયક રીતે ફિલ્મ નિહાળી શકાય તે માટે ૩૯ જેટલી સ્લીપીંગ સીટસ પણ ઉપલબ્ધ છે.

શહેરની આગવી ઓળખ બની ચુકેલું સે-૨૧ના રાજશ્રી સિનેમા બંધ થયા બાદ સાડા ત્રણ વર્ષના લાંબા સમયગાળા પછી આ સ્થાને આર વર્લ્ડ બીગ સિનેમા આર-૨૧ શરુ કરી દેવાયું છે. આ અદ્યતન મલ્ટીપ્લેકસ અંગે એમ.ડી. ધર્મેન્દ્રસિંહ ચુડાસમા તેમજ મેનેજર વિરેન્દ્રસિંહ રહેવરે માહિતી આપતા જણાવ્યું હતું કે મલ્ટીપ્લેકસમાં કુલ ૬ સ્ક્રીનમાં શો ચાલશે. જેના પરિણામે શ્રોતાઓને અડધાથી કલાકના અંતરે પસંદગીદા ફીલ્મો જોવા માટે સાનુકુળ તક મળી રહેશે, કુલ ૬ સ્ક્રીનમાં ૬૮૬ શ્રોતાઓ બેસીને ફિલ્મ નિહાળી શકશે. જયારે આ પૈકી ૨ થિયેટર થ્રિ-ડી ઈફેકટ માટે તૈયાર કરાયા છે. આર વર્લ્ડ બીગ સિનેમાના આ મલ્ટીપ્લેકસમાં દેશના જાણીતા ઈન્ટીરીયર ડીઝાઈનર સંજય પુરીએ ઈન્ટીરીયર ડિઝાઈનીંગનું કામ અદભૂત કર્યું છે. સવારે ૯.૪૫ થી રાત્રિના ૧૦.૩૦ સુધી ફિલ્મના શો ચાલુ રહેશે. આ ઉપરાંત અદ્યતન ફૂડ કોર્ટ અને વોશરૂમની પણ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

આર વર્લ્ડ બિગ સિનેમાના શુભારંભે આજે પ્રથમ દિવસે જ સ્વયંભૂ રીતે શ્રોતાઓની ભીડ જામી હતી. આ અંગે એમ.ડી. ધર્મેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે આ સ્થળે ૧૯૯૪માં ૪ ઓગષ્ટના રોજ રાજશ્રી સિનેમા શરૂ થઈ હતી. તે વખતે 'હમ આપકે હૈ કોન' ફિલ્મ ચાલતી હતી. સલમાનખાનની આ ફીલ્મે ધૂમ મચાવી હતી ત્યારે આજે પણ આ મલ્ટીપ્લેકસના પ્રારંભે સલમાનનું 'કીક' રીલીઝ થયું છે. આજે આ મલ્ટીપ્લેકસનું ઓપનીંગ પણ પબ્લીકે જ કર્યું છે. શહેરના હાર્દસમા વિસ્તારમાં શરૂ થયેલા આ નવા મલ્ટીપ્લેકસના લીધે નગરજનોને અદ્યતન ઢબે મનોરંજન પુરું પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

વીજ ખરીદી કરારની મુદત દરમ્યાન રૂ. ૫૮૭.૫૦ કરોડનો એસ્સાર પાવરને અનુચિત લાભ થયો

ગાંધીનગર, તા. ૨૫

વીજ ખરીદી કરારને આખરી રૂપ આપ્યા પછી વીજળી સોંપવાનું સ્થળ નક્કી કરવાથી વીજ ખરીદી કરારની મુદત દરમિયાન રૂ. ૫૮૭.૫૦ કરોડનો એસ્સાર પાવર ગુજરાત લિમિટેડને અનુચિત લાભ પ્રાપ્ત થયો હોવાની વિગતો કેગના અહેવાલમાં બહાર આવવા પામી છે.

કેગના આજે વિધાનસભામાં રજુ થયેલા અહેવાલમાં આ અંગે જણાવાયું છે કે ત્રણ સ્વતંત્ર વીજ ઉત્પાદકોને સપ્ટેમ્બર-૨૦૦૨ અગાઉ નવેમ્બર-૧૯૯૫ ના કેન્દ્ર સરકારના જાહેરનામાને અવગણીને અગાઉ નેપ્થા પર જાહેર કરેલ માની લીધેલા વીજ ઉત્પાદન પર કરેલી પ્રોત્સાહન ચૂકવણીને પરિણામે તેમજ ખોટી ચૂકવણી વસુલ કરવા માટે મોડા કાયદેસર પગલા લેવાથી રૂ. ૩૯૬.૩૯ કરોડનું નુકશાન થયું હતું.

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમીટેડ તેની વીજ ઉત્પાદન કરતી ગૌણ કંપની ગુજરાત રાજય વીજળી નિગમ લિમિટેડ સાથે ૯,૨૬૫.૦૭ મેગાવોટ માટે ૨૨ વીજ ખરીદી કરાર કર્યા. આ ઉપરાંત ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ સિવાયના સ્વતંત્ર વીજ ઉત્પાદકો સાથે ૨૦ વીજ ખરીદી કરાર કર્યો.

વક્ષ ધરાશયી - વરસાદની મોસમમાં પવન જ્યારે સાથ પુરાવે ત્યારે વૃક્ષ બિચારું બની જાય છે... તોફાની પવન, તેજ પવન અને ક્યારેક આંધી બનીને આવતો પવન વૃક્ષોને ધરાશયી કરી દે છે... વરસાદના કારણે પોચી પડેલી માટીમાં મૂળીયા ક્યારે બહાર આવી જાય, ક્યારેક વૃક્ષ સંમતોલ ગુમાવી દે છે તો ક્યારે આસપાસ ખોદાયેલા ખાડાઓમાં ભરાતા પાણીને કારણે પણ વૃક્ષો પડી જતા હોય છે... ગાંધીનગરમાં આ પ્રકારના દશ્યો ચોમાસાના ચારેય મહિના જોવા મળે છે... **(તસવીર : દિપક જાની)**

મુખ્યમંત્રીશ્રીને મળવા છાત્રશક્તિ-યુવા વર્ગોનો અભૂતપૂર્વ ઉત્સાહ

ગાંધીનગર, તા.૨૫

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની આજે વિધાનસભા અંદાજપત્ર સત્રના અંતિમ દિવસે વિધાનસભા સચિવાલયમાં શુભેચ્છા-આશીર્વાદ મૂલાકાત માટે ૧૫૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓએ અભૂતપૂર્વ -તિસાદ દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ આ વિદ્યાર્થી યુવાશકિત સાથે વિધાનસભા કામગીરી વિષયક સંવાદ કર્યો હતો અને શિક્ષક સહજભાવથી વિદ્યાર્થીઓ સાથે સામાન્ય જ્ઞાન વિષયક -શ્નોત્તરી પણ કરી હતી.

વિધાનગૃહની કાર્યવાહી નિહાળવા આજે ગ્રામભારતી અમિયાપૂર, વિકાસ વિદ્યાલય સાણંદ તેમજ દિલ્હી પબ્લિક સ્કુલ મણિનગર-અમદાવાદના છાત્રો અને લો કોલેજ નડિયાદના વિદ્યાર્થીઓ આવ્યા હતા અને વિધાનસભા -શ્નોત્તરી જોયા બાદ મુખ્યમંત્રીશ્રીની મૂલાકાત તેમણે કરી હતી.

ગાંધીનગરમાં રાખી મેલા યોજાશે

સે.૨૧ શાકમાર્કેટ નજીક છઠ્ઠી ઓગસ્ટથી ત્રણ દિવસ માટે રાખી બજાર ઉભું કરાશે

ગાંધીનગર, તા.૨૫

ભાઈ- બહેનના -મના -તિક સમા રક્ષાબંધનના પવિત્ર તહેવાર

નિમિત્તે ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તા. ૬ થી ૮ ઓગષ્ટ, ૨૦૧૪ દરમ્યાન રાખી મેલાનું આયોજન સેકટર- ૨૧, શાકમાર્કેટ નજીક કરવામાં આવનાર છે. આ રાખી મેલા થકી રાખીનું ઉત્પાદન કરતી મહિલાઓ અને સખીમંડળોને પોતાની અવનવી રાખડીઓના વિતરણ માટે બજાર મળી રહેશે.

રાજયના મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે રાજયની શાસનધુરા સંભાળી છે, ત્યારથી મહિલા સશકિતકરણને -ાધાન્ય આપ્યું છે. રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિત્તે સમગ્ર રાજયમાં રાખડીનું ઉત્પાદન કરતી મહિલાઓને પોતાની અવનવી રાખડીઓની વેચાણ માટે બજાર પુરૂ પાડવાના ઉમદા આશયથી રાજય સરકાર દ્વારા તમામ જિલ્લાઓમાં રાખી મેલાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રાખી મેલામાં રાખડીનું વ્યકિતગત ઉત્પાદન કરતી મહિલાઓને અને સખીમંડળોને સ્થાનિક જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાખી મેળાનું આયોજન કરી ત્યાં સ્ટોલ આપવામાં આવનાર છે. જેના થકી મહિલાઓ ખૂબ જ -મ પૂર્વક તૈયાર કરેલ રાખડીઓનું સીધું ગ્રાહકોને વિતરણ કરી શકશે. આ મેલામાં રાખડીની ખરીદી કરનાર મહિલાઓને ભાઇ માટે અનેક -કારની અવનવી રાખડીઓ એક જ સ્થળે જોવા મળી રહેશે. તેમજ બજારમાંથી ખરીદી કરાતી રાખડી કરતા -માણમાં ઓછા દરે રાખડીઓ મળી રહેશે.

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાખી મેલાનું સુચારું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગરના સેકટર-૨૧, શાકમાર્કેટ નજીક આ રાખી મેલાનું આયોજન કરવામાં આવનાર છે. આ રાખી મેલામાં ગાંધીનગર જિલ્લાના ૭ સખી મંડળો અને ગ્રામ્ય કક્ષાના ૫ સખી મંડળો ઉપરાંત ઘરે વ્યકિતગત રીતે રાખડી બનાવતી મહિલાઓને સ્ટોલ આપવામાં આવશે. તે ઉપરાંત રાખી મેળામાં મહિલાઓ માટે પૂજાની શણગારેલી થાળી, જનોઇ, નારિયેળ અને ડ્રેસ મટીરીયલ્સ જેવી રક્ષા બંધન સાથે સંકાળાયેલ ચીજ વસ્તુઓના પણ સ્ટોલ ઉભા કરવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી રવિશંકર અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાનના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાખી મેલાનું આયોજન કરવામાં આવશે.

દરેક જિલ્લામાં નવા શૌચાલયો બનશે પણ ગાંધીનગરમાં તાળાબંધી

શૌચાલયોના નિર્માણ પાછળ લાખો ખર્ચાયા પરંતુ વર્ષોના અંતે વ્યવસ્થા લોકઉપયોગી થઈ શકી નથી

ગાંધીનગર, તા. ૨૫

સરકારે પ્રત્યેક જિલ્લામાં હજારો શૌચાલયો બનાવવાની જાહેરાત કરી છે ત્યારે પાટનગરમાં શૌચાલયોના નિર્માણ પાછળ લાખોનો ખર્ચ થયા બાદ પણ તાળાબંધીનું નિરાકરણ મળ્યું નથી. શહેરમાં સે. ૨૮ બાલોદ્યાન, સે. ૭, ઘ-૨ અને ઘ-૫ વિસ્તારમાં નિર્માણ કરાયેલા શૌચાલયો પાછળ લાખોનું પાણીઢોળ થયા બાદ પણ આ યોજના લોકઉપયોગી થઈ શકી નથી. બીજીતરફ સરકારી તંત્રએ પણ આ શૌચાલયોને લોકઉપયોગી બનાવવાના મામલે એકબીજા વિભાગને ખો આપવાની નીતિ અપનાવી છે.

ગાંધીનગરમાં દાયકાઓ જૂના શૌચાલયો હાલ ખંડેર હાલતમાં છે. ગંદકીથી ખદબદતા જૂના શૌચાલયો અસામાજિક તત્વોનો અડ્ડો બનતા દૂષણો પાંગરી રહ્યા છે. આમ છતાં બિનઉપયોગી શૌચાલયો તોડવાના મામલે દુર્લક્ષ્ય સેવવામાં આવી રહ્યું છે. જ્યારે નવા શૌચાલયોને વર્ષોથી તાળા વાગેલા છે. ઘ-૫, ઘ-૨, ઘ-૩, સે. ૭, સે. ૨૮ અને મીનાબજારમાં સ્થિત શૌચાલયોના નિર્માણ પાછળ લાખોનો ખર્ચ કરવામાં આવ્યો છે. જાહેર સ્થળોએ આમ નાગરિકોને અનુલક્ષી નિર્માણ કરાયેલા આ શૌચાલયો વર્ષોના અંતે પણ લોકઉપયોગી થઈ શક્યા નથી.

● અનુસંધાન પાન-૭ પર

બલવંત સિંધનો શપથવિધિ

ગાંધીનગર, તા.૨૫

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ શ્રી બલવંત સિંઘને રાજય મુખ્ય માહિતી કમિશ્નર, ગુજરાત રાજય તરીકે આજે રાજભવન ખાતે હોદ્દાના શપથ લેવડાવ્યા હતા.

ભાડે આપવાનું છે

(ઈન્ડસ્ટ્રીઝ તથા ગોડાઉન માટે)

પ્લોટ નં. ૧૦૧/૧/૪, પ્રાઈમ લોકેશન, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, સેક્ટર-૨૮ના બગીચાની સામે, બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, ફર્સ્ટ ફ્લોર, કુલ ૫૧૦૦ ચો.ફૂટ (કારપેટ) જલારામ આઈસની સામે, ઉમા વે-બ્રીજના ખાંચામાં

ફોન : ૯૮૨૪૨ ૩૭૦૦૮

પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન

ખોવર હેડ ડાંડી પુરી પાડવી

ટેન્ડર નોટીસ નં.-16/2014-05 તારીખ: 21-07-14, ટેન્ડર નં.: ડીઆરએમએચડીઆઈઈ/2014-15, કામનું નામ: ચોમેરામ: 1 (એક) વાર વીઝર ડિપોઝીટની ખાસરીથી ખોવરેડ ડાંડી ડિપોઝીટ એકટેન્ડ પર પુરી પાડવી. (પુનઃ આમંત્રિત), કામનો અંદાજીત ખર્ચ: ₹24,06,600/-, ઈએમડી: ₹48,140/, ટેન્ડર ફોર્મ જમા કરાવવાની તારીખ : 26.08.2014 ના 15.00 કલાક સુધી, ટેન્ડર ફોર્મ ખોલવાની તારીખ: તા. 26/08/2014 ના 15.30 કલાકે, ઓફિસનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (કમર્શિયલ), ડિવિઝનલ રેલવે મેનેજર ઓફિસ, પશ્ચિમ રેલવે, અમદાવાદ-382345. વેબસાઈટ www.wr.indianrailways.gov.in

વધુ વિગતો માટે નોટીસ બોર્ડ પર જોઈ લેવા વિનંતી. ટેલિફોન નં.-100.00 કરો

ભાડે આપવાનું છે

સેક્ટર-૨૬, જી.આઈ.ડી.સી., વિડીયોકોનની પાછળ, કુલ-૪૨૦૦ ચો. ફુટ હોલ(કારપેટ) ૩૦ એચ.પી. લાઈટ કનેક્શન સાથે, ગોડાઉન તથા ઈન્ડસ્ટ્રીઝ માટે

ફોન : ૯૮૨૪૨ ૩૭૦૦૮

ટ્યુકડી

જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧,

ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

Y.A. MANSURI
M. : 9824049503

SANJAY S. SHAH
P. Manubhai Medical

Since 1986

॥ અભય ॥

Government Approved Contractor

• Corporate Gathering • Celebrations • Exhibitions
• Marriage • Reception • Parties • Seminars

AD ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS

CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194,
B/h. Videocon Factory, Electronics Estate,
GIDC, Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292

REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943

email : info@abhaydecorators.com, www.abhaydecorators.com

ADITYA BIRLA GROUP

લીકેજ-મુક્ત ઘરો માટે

UltraTech SEAL & DRY
Total Waterproofing Solution

Waterproofing ka champion

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ

કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.

મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
R.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com